‘ગુજરાત સમાચાર’ - ‘સમન્વય’ના કાર્યક્રમમાં ગીત, સંગીત અને ગાયકીનો બેજોડ સંગમ

# પલક પલક મોરી આંખ નિહાળે મલક મલક મુજ મુખ મલકે

અમદાવાદ, શુક્રવાર

‘ગુજરાત સમાચાર’ અને ‘સમન્વય’ આયોજીત કાવ્ય સંગીત સમારોહના બીજા દિવસે કાવ્ય, સંગીત અને ઘૂંટાયેલા અવાજના શિરમોરસમા કલાકારોની સુંદર સાયુજ્યસભર રચનાઓથી ઉપસ્થિત પ્રેક્ષકો અનુભુતિની શ્રેષ્ઠ અવસ્થાએ પહોંચી ગયા હતા.

**મુંબઈના નાટ્ય કલાકારોએ ગુજરાતી રંગભૂમિના નાટ્ય સંગીતના ‘મીઠાં ઓવારણાં’ લીધાં**

કાર્યક્રમની શરૂઆત કવિ શ્રી દલપત પઢિયારના કાવ્યપઠનથી થઈ. જેમાં ભાવાનુભૂતિ ચરમસીમાએ પહોંચી.

**‘‘ઘરમાં કે જંગલમાં બાંધો ઝુંપડી -**

**ઝુંપડી ઠીક પડે ત્યાં બાંધો**

**મસ્તી કહેતાં માટી સોનું મટી જવાનું**

**નભનું ક્યાં નીશાન નક્કી છે**

**ક્યાં છે અંત ને ક્યાં છે આરંભ.’’**

**ત્યારબાદ ‘મન તારે મુંઝાવું નહીં...**

**સોનાની હોય તોય જાળ અંતે જાળ છે**

**માછલીને મરવાનું મહીં.’**

પછીના કાવ્યની પંક્તિ - ‘કૂવામાં પાણી ખારું આવ્યું છે... આપણું જ ઓરેલું અંધારું આવ્યું છે-’ ત્યારબાદ તળપદી ભાષાના ગીતો ‘સખી ઝીલણ ઝીલવાને’ અને ‘મેં તો ઉંબર પર દીવડો મેલ્યો...’ ગાઈને તેમણે ગામડાના વાતાવરણની અનુભૂતી કરાવી. પોતે શહેરમાં રહીને વ્યવસાય કરતા હોવા છતાં તળપદી ભાષા પરનું પ્રભુત્વ અકબંધ રાખ્યું છે તેની પ્રતીતિ કરાવી.

કાવ્યપઠન બાદ આ વર્ષના સ્વરકાર વડોદરાના બે ભાઈઓની સંગતમાં ગીતોનો આરંભ કર્યો.

*** પ્રથમ ગીતના કવિ : અંકિત ત્રિવેદી, સ્વરરચના : રવિન નાયક.**

**પંક્તિ : ‘રાત આવી આસપાસ સૂના ઉજાગરા ને**

**વહેલી સવારે સંજવાટી...’**

*** ત્યારબાદ કવિ : મનોજ ખંડેરિયા, સ્વર રચના : રવિન નાયક.**

**‘‘હાથમાં કારોબાર રાખ્યો તેં**

**મને કારોબાર રાખ્યો તેં....’’**

આ ગઝલમાં તેમણે નવતરપ્રયોગ કરી સ્વરાંકન કર્યું છે અને પોતે ઉભરતા સ્વરકાર છે તેની છાપ પાડી.

*** પછીની રચના કવિ : રમેશ પારેખ, સ્વર રચના : રવિન નાયક.**

**‘‘આછી આછી રે મધરાતે જીવણ જોયો તને...’’**

*** કવિ : ભાગ્યેષ જહા, સ્વર રચના : રવિન નાયક**

**‘‘આ વાયરાના ના તોફાને**

**આવેલા વરસાદે ઉબરની મર્યાદા તોડી...’’**

**પછીની રચના : કવિ સુરેન્દ્ર ગઢીયા, સ્વરરચના : રવિન નાયક**

**‘‘શ્વાસની લીસ્સી રેશમ દોરી**

**ખેંચી લઈ કેમ કરીને**

**પતંગીતા ને અડધું અડધું વહેંચી લઈએ.’’**

આ ગીતમાં રવિન નાયક સાથે બે ભાઈઓએ પણ ગાઈને પ્રકાશ નાયક - દશરલ નાયક સંગત કરી. ગીતનું સ્વરાંકન બહુજ સુંદર, શબ્દોને સુરની મીલાવટ મજબુત રહી.

**- અંતમાં કવિ : સુંદરમ, સ્વરરચના : રવિન નાયક.**

**‘‘પલક પલક મોરી આંખ નિહાળે**

**મલક મલક તુજ મુખ મલકે’’ રજૂ થયું.**



ત્યારબાદ મંચ પર કૃષાનું મઝમુદાર પોતાની રચનાઓ લઈને આવ્યા.

વેલેન્ટાઈન ડેનું પ્રેમગીત ગાઈને તેણે પ્રારંભ કર્યો.

**કવિ : સુરેશ દલાલ, સ્વરાંકન : પુરુષોત્તમ ઉપાધ્યાય.**

**પંક્તિ : ‘‘રાત દિવસનો રસ્તો વાલમ**

**નહીં તો ખૂટે કેમ**

**તમે પ્રેમની વાતો કરજો**

**અમે કરીશું પ્રેમ...’’**

કૃષાનું ના ઘુંટાયેલા અવાજમાં આ રચના રજુ કરી અને શ્રોતાઓની દાદ મેળવી ત્યાર બાદ

**કવિ : નિરંજન ભગતની રચના**

**‘‘પુનમને કહેજો કે પાછી ન જાય**

**ઉગી ઉગીને આમ આછી ન થાય...’’**

*

**કવિ : મરીઝ, સ્વરરચના : પુરુષોત્તમ ઉપાધ્યાય**

**‘‘બસ એટલી સમજ મને પરવર દીગાર દે.’’**

કૃષાનું એ પોતાની અંતિમ રચના તેમના ગુરુ શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયની સંગતમાં - ડ્યુએટ-ગીત રજુ કર્યું -

**‘‘મારા લાલ રે લોચનીયામાં રૂપની ઝલક**

**આવી ગઈ - હું તો જોતીને જોતી રહી.’’**

ગુજરાતી સુગમ સંગીતના શીખરે બીરાજેલા પુરુષોત્તમ ઉપાધ્યાય અને તેના જ સાંનિધ્યમાં પાંગરેલા તેના શિષ્ય - કૃષાનુએ આ રચનાની શરૂઆત એક જબરજસ્ત - મસ્તીભર્યા આલાપથી કરી એટલું જ નહીં પરંતુ એ પણ સાબિત કરી દીધું કે સાત સુરોની સરગમ ઉપર તેમની કેટલી હથોટી છે.

અમીતભાઈ તથા તેના વાદ્યવૃંદે પણ તબલા-વાંસળી-ગીટાર અને ઓરગન દ્વારા સીતારની સંગત કરીને રસતરબોળ કરી દીધા. શ્રોતાઓએ મન ભરીને આ રચના મ્હાણી.

આજના દિવસના મહેમાન કલાકાર અનુપ જલોટા હિંદી-ભોજપુરી ભજન તથા ભક્તિ-સંગીતના ઉચ્ચકોટિના ગાયક અને સ્વરકાર હોવા છતાં આજે તેમને ગુજરાતી રચનાઓ રજુ કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે આરંભ પુરુષોત્તમ ઉપાધ્યાયની સ્વર રચનાના ગીત ગાઈને કર્યો.

**પંક્તિ - સબ અપની અપની ગત મેં**

**મૈં ગતમેં અપને મોહનકી’’**

**બીજી રચના કવિ : અવિનાશ વ્યાસ, સ્વરાંકન : ગૌરાંગ વ્યાસ**

**‘‘રાખના રમકડાં ને મારા રામે રમતાં રાખ્યા રે**

**મૃત્યુ લોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યા’’**

ગુજરાતી ગીતોમાંની ઉચ્ચકોટિની આ રચના તેના શબ્દો અને ભાવને જલોટાએ હિંદીભાષી હોવા છતાં બાઅદબ રજુ કરી અને સભાગૃહમાંના તમામ શ્રોતાઓનાં દીલ જીતી લીધાં.

**ત્રીજી રચના :**

**‘‘કાન તને રાધા ગમે કે મીરાં...’’**

**શ્રોતાઓ સાથે પોતાનો સમન્વય સાધી ‘ગોવિંદ જય જય’ની ધૂન ગવડાવી. અંતમાં તેમણે પોતાની સદાબહાર રચના રજુ કરી.**

**‘‘એસી લાગી લગન,**

**મીરાં હો ગઈ મગન’’**

કાર્યક્રમના અંતિમ ચરણની શરૂઆત ‘મીઠાં ઓવારણાં...’ ગુજરાતી રંગભૂમિના નાટ્ય સંગીતથી થઈ. શરૂઆત મુંબઈના નાટ્ય કલાકારો - ઉચ્ચ કોટિના અભિનય માટે મશહૂર એવા શ્રી ચિરાગ વ્હોરા અને ઉત્કર્ષ મઝમુદાર - આ બંને જણાએ ‘માસ્ટર ફુલમણી’ નાટકમાંની કેટલીક રચનાઓ અભિનય સાથે ગાઈને રજુ કરી.

*** આ રસીયો - રસીલી તને પ્રેમે રમાડશે**

*** નાગર વેલીઓ રસરાજ તારા રાજ મહેલોમાં.**

*** મીઠા લાગ્યા છે મુને રાતના ઉજાગરા**

આ ત્રણેય રચનામાં ચિરાગ વ્હોરાએ સ્ત્રીપાત્રના વેષમાં અભિનય કર્યો હતો. બંને કલાકારોએ સમગ્ર સભાગૃહને મંત્રમુગ્ધ કરી દીધું - તાળીઓના સતત ગડગડાટ અને હાસ્યની છોળો વચ્ચે બે થી ત્રણ વન્સમોર પરફોર્મ કરવાની પ્રેક્ષકોએ જીદ કરી અને તે પૂર્ણ થઈ.

**દિપ્તી દેસાઈ તથા ઉત્કર્ષ મઝમુદારે**

**‘‘ઝટ જાઓ ચંદન હાર લાઓ,**

**ઘુંઘટ નહીં ખોલું રે...’’ રજૂ કર્યું.**

દિપ્તીએ નશીલા અવાજમાં રચના રજુ કરી જે કાલિબે દાદ માંગી લે તેવી હતી. ત્યારબાદ ‘તર્જેઠેટર’ના કલાકરો અર્ચન ત્રિવેદી, રાજુ બારોટ, નિસર્ગ ત્રિવેદી તથા અન્ય સાથીઓએ જુની ગુજરાતી રંગભૂમિના કેટલાંક ચૂંટાયેલાં - લોકજીભે ચઢેલાં ગીતોની રજુઆત કરી.

**મારે સાસરીએ જાય કોઈ,**

**પ્રીતમજી આણા મોકલે**

**મને પીઅરીયામાં લાગે એકલડું,**

**તૂં તો છોડી દે આવાં તોફાન**

**તારી સાથે ના બોલું રે...**

**અધૂરા જ્ઞાનની, નારી મળે ત્યારે ભયંકર છે.**

**જસમા ઓડણ નાટકની કૃતિ - ‘‘પડતા પર પાટું કહી ને દાઝ્યા પર દામ...’’**

*** એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી....**

*** હૃદયના શુધ્ધ પ્રેમીને નિગમના જ્ઞાન ઓછાં છે...**

સમાપન નાટ્ય કલાકારોએ કોરસ ગીત ગાઈને કર્યું. જ્યારે કાર્યક્રમનું સંચાલન સ્નેહા દેસાઈ તથા કમલ શાહે કર્યું